

સ્વામી વિવેકાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી વિદ્યાલય, સેક્ટર-૬ ખાતે એકપાત્રીય અભિનય અને વેશભૂષા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલાએ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતાં.

## એસએસવી કેમ્પસમાં 'માસ્ક ડે'



એસ.એસ.વી. કેમ્પસમાં શુક્રવારે માસ્ક દિવસની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં નાનાં ભૂલકાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.




લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગર, લાયોનેસ ક્લબ અને એમ બી પટેલ અંગ્રેજી સ્કૂલના સંયુક્ત ઉપક્રમે ગોકુળપુરા ખાતે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૩૮ જેટલા વ્યક્તિઓની આંખોની તપાસ આ કેમ્પ અંતર્ગત કરવામાં આવી હતી. ૧૬૬ વ્યક્તિઓને રાહત દરે ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૩૩ જેટલા વ્યક્તિઓને મોતિયાની તકલીફ હોવાનું નિદાન થયું હતું, જે પૈકી ૧૧ વ્યક્તિઓને ઓગણજ ખાતે આંખની હૉસ્પિટલ ખાતે મફત ઑપરેશન માટે લઈ જવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે કે પી પ્રજાપતિ, ડૉ. જયંતીભાઈ પ્રજાપતિ, બિપીનભાઈ, વૈશાલીબેન જોષી, મમતાબેન રાવલ ઉપરાંત લાયન્સ અને લાયોનેસ સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

### સર્વ વિદ્યાલય કેળવમી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં

# દાસકાકા શિયાળુ રમતોત્સવ અને બાલમહોત્સવ



અભ્યાસની સાથે સાથે બાળકો ખેલદિલી દાખવે અને અન્ય સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં રસ લઈ પોતાનો સર્વાંગી વિકાસ સાધી શકે તે હેતુસર સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં સંસ્થાના આદ્ય સ્થાપક સ્વ. પૂજ્ય દાસકાકા શિયાળુ રમતોત્સવ અને બાલમહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શેઠ સી એમ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનાં આચાર્ય ચેતનાબેન બુચ ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે કેમ્પસમાં સ્થાપિત કરવામાં આવેલી પૂ. દાસકાકાની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી, આતશજ્યોત પ્રગટાવી રમતોત્સવને ખુલ્લો મૂક્યો હતો. બે દિવસ દરમિયાન યોજાયેલા આ રમતોત્સવમાં ૧૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ન માત્ર વિવિધ રમતોનું પરંતુ વક્તૃત્વ, નાટ્ય સંવાદ, ગીત, ડાન્સ, નિબંધ લેખન, વાર્તા, સુલેખન, વેસ્ટમાંથી બેસ્ટ જેવી રચનાત્મક, સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં પણ ભાગ લીધો હતો.

# આજે યુવાનોમાં ખાદી એ ફેશન સ્ટેટમેન્ટ છે



ગાંધીનગર, તા. ૬

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, આ સંદર્ભે શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે,સમગ્ર દેશમાં મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી થઈ રહી છે, ત્યારે ગુજરાત સરકાર પણ ગાંધીજીએ દર્શાવેલા માર્ગને પ્રસ્તુત કરતા ગાંધી વિચારો વ્યાપક જન સમાજ સુધી પહોંચે તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યુ છે, તેના જ ભાગરૂપે આજે ખાદી મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. આઝાદી પહેલા 'ખાદી ફોર નેશન'નું સુત્ર પ્રચલિત હતું, જ્યારે આજે યુવાનોમાં ખાદી ફેશન સ્ટેટમેન્ટ બન્યું છે. મહાત્માો ગાંધીજીની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોઉદ્યોગ બોર્ડ દ્વારા તા. ૬ ડિસેમ્બર થી ૧૫ ડિસેમ્બર સુધી સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ ખાતે 'ખાદી ઉત્સવ-૨૦૧૯'નું આયોજન કરવામાં આવ્યું છે. જેનું ઉદઘાટન શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. શિક્ષણમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, યુવાનોમાં આજે ખાદી લોકપ્રિય બની છે. ખાદીને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં ઉત્પાદીત ખાદીના છૂટકવેચાણ ઉપર ૩૧ ડિસેમ્બર, ૨૦૧૯ સુધીના સમયગાળા દરમિયાન ૨૦ ટકા ખાસ વળતરની પણ જાહેરાત કરવામાં આવી છે. આ પ્રસંગે જાહેર જનતાને ખાદી અને ગ્રામોઉદ્યોગની ચીજવસ્તુઓ ખરીદી કરવા અને અંતરીયાળ વિસ્તારના કારીગરોને રોજગારીમાં મદદરૂપ થવા પણ તેમણે પ્રજાજનોને હાકલ કરી હતી.

આ ખાદી ઉત્સવમાં ૪૫ ખાદી સંસ્થા-મંડળીઓના સ્ટોલ તેમજ ગ્રામોઉદ્યોગ તથા અન્ય લાભાર્થીઓના ૪૭ સ્ટોલ મળીને કુલ ૯૨ સ્ટોલ રાખવામાં આવ્યા છે. જેમાં સુતરાઉ ખાદી, રેશમ ખાદી, ગરમ ખાદી અને તેમજ ડિઝાઈનર વસ્ત્રો અને હસ્તકલાની ચીજવસ્તુઓ, સૌંદર્યપ્રસાધનો તેમજ ગ્રામોઉદ્યોગની ચીજવસ્તુઓ મુકવામાં આવી છે, જે જાહેર જનતા માટે ૬ ડિસેમ્બર થી ૧૫ ડિસેમ્બર સુધી સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ ખાતે ખુલ્લું રહેશે.

## જન્મદિને વધામણી



**પ્રકાશ લાલા**
વરિષ્ટ નાટ્યકાર અને
સિનિયર વાઈસ પ્રેસિડેન્ડ
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો : ૯૪૨૬૦૮૪૬૩૨



**વસંતબેન સુરેશ ભટ્ટ**
મો. ૨૩૨૨૬૨૫૧



**અંજનાબેન બિપીનભાઈ રાવલ**
મેને. ટ્રસ્ટી, શાંતિનિકેતન
પ્રાથમિક અને માધ્યમિક શાળા
મો. ૯૧૫૭૩ ૯૪૨૬૭



**કૃપાબા પંકજસિંહ બિહોલા**



**સંકેત ગોર**
મો. ૯૮૨૪૬ ૪૫૬૭૧



**વિધિબા ધવલસિંહ રાજપૂત**



**કવિષા ચિરાગકુમાર જોષી**

## આત્મરક્ષણ માટે મહિલાઓએ બાહોશ બનવાની જરૂર છે



ગાંધીનગર, તા. ૬

રાજ્ય મહિલા આયોગનાં અધ્યક્ષ લીલાબેન અંકોલિયાએ જણાવ્યું છે કે, મહિલાઓના રક્ષણ સંરક્ષણ માટે રાજ્ય સરકાર પ્રતિબધ્ધ છે. સમાજના નિર્માણ સાથે સુરક્ષિત ગુજરાતનું નિર્માણ કરવું છે.

તેમણે વધુમાં જણાવ્યું કે આત્મરક્ષણ માટે મહિલાઓએ બાહોશ બનવાની જરૂર છે. મહિલાઓ જો થોડું શક્તિ-સામર્થ્ય બતાવશે તો સમાજમાં ઘટતા શારીરિક માનસિક શોષણ ના બનાવો આપોઆપ ઓછા થઈ જશે. ઘાટલોડિયાની જ્ઞાનદા ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે 'ગુડ ટચ-બેડ ટચ' અંગેના 'કવચ' તાલીમ સેમિનારમાં તેમણે જણાવ્યું કે, રાજ્ય મહિલા આયોગ દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં મહિલાઓના આત્મરક્ષણ માટેના તાલીમ સેમિનાર યોજાવાના છે. આજનો કાર્યક્રમ અમદાવાદ જિલ્લાનો પ્રથમ કાર્યક્રમ છે. આગામી સમયમાં યુનિવર્સિટીઓમાં પણ મહિલાઓના આત્મરક્ષણ આવા કાર્યક્રમો યોજાનાર છે.

અમદાવાદનાં મદદનીશ પોલીસ કમિશનર મીની જોસેફે કાયદાકીય પરિભાષામાં ૧૮ વર્ષથી નીચેના વ્યક્તિને બાળક ગણવામાં આવે છે એમ જણાવી કાયદા દ્વારા ઉપલબ્ધ સેવાઓની જાણકારી આપી હતી.

તેમણે સહન ક્યાં સુધી કરવું ? તે સમજવાની જરૂરિયાત સમજાવી સહન કરવાની હયાત માનસિકતામાં બદલાવની હિમાયત કરી હતી. જો માનસિક ક્ષમતા કેળવવામાં આવશે તો આત્મરક્ષણ સરળ બની જાય છે તેની વિગતો તેમણે ઉદાહરણ સાથે સમજાવી હતી.

આ અવસરે 'ગુડ ટચ -બેડ ટચ' વિશેની વિડીયો પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી હતી. મહિલા તજજ્ઞો દ્વારા આત્મરક્ષણ કેવી રીતે કરવું તેનું પ્રત્યક્ષ નિદર્શન વિદ્યાર્થીનીઓ સમક્ષ કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં મહિલા આયોગનાં વીણાબેન પટેલ, શાળાનાં આચાર્ય જાગૃતિબેન પટેલ, ટ્રસ્ટી ભગવાનભાઈ તથા પોલીસ વિભાગની મહિલા 'શી-ટીમ'ના સભ્યો અને શાળાની વિદ્યાર્થીનીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

# ઈન્ડિયન નેવીમાં સેઈલર બનવા માટે શું કરવું ?




નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

**૧. હું ધોરણ ૧૨ માં અભ્યાસ કરું છું. હું નેવી માં ભરતી થવા ઇચ્છુ છું.તો નેવી માં સેઇલર બનવા માટે શું કરવું?**

**- ભરત વસાવા, ગાંધીનગર**

ભરત, આપ ચોક્કસ આ જગ્યા માટે લાયક ઠરી શકો છો. આ જગ્યા અપરિણીત ભારતીય પરૂષો જ અરજી કરી શકે. ઓછામાં ઓછા ૫૫% માર્કસ (મેથ્સ અને સાયન્સ વિષયોમાં) સાથે ધોરણ-૧૦ અથવા ઓછામાં ઓછા ૫૦% માર્કસ (મેથ્સસ અને ફિઝિકસ વિષયોમાં) સાથે ધો-૧૨ પાસ તથા ૧૬ થી ૧૯ વર્ષની વય ધરાવનાર અરજી કરી શકે. ઓછામાં ઓછી શારીરિક ઊંચાઇ ૧૫૭ સેમી હોવી જરૂરી છે.પસંદગી પ્રક્રિયા ની વાત કરીએ તો જાહેરાતના સંદર્ભમાં



અરજી કરનાર ઉમેદવારોમાંથી પસંદગીના ઉમેદવારોને ફિઝિકલ ફિટનેસ ટેસ્ટ અને લેખિત પરીક્ષા માટે કોલ લેટર મોકલવામાં આવે. ફિઝિકલ ફિટનેસ ટેસ્ટ પાસ કરવી અનિવાર્ય છે. તે અંતર્ગત ૧ માઇલની દોડ ૭ મિનિટમાં, ૨૦ ઉઠક- બેઠક તથા ૧૦ પુલ અપ્?સ કરવાના હોય છે. લેખિત પરીક્ષાના પ્રશ્નાપત્રોમાં ૪ વિભાગો હોય છે:(૧) ઇંગ્?લિશ (૨) સાયનન્સ (૩) મેથ્સ તથા(૪) જી.કે. ગુજરાતમાંથી જામનગર કેન્દ્ર ખાતે આ પરીક્ષા લેવામાં આવે છે. લેખિત પરીક્ષાનું પરિણામ તે જ દિવસે જાહેર કરવામાં આવે અને ક્વોલિફાય થનારે ફિઝિકલ ફિટનેસ ટેસ્ટ આપવાની રહે. ફિઝિકલ ફિટનેસ ટેસ્ટ માંથી સફળતાપૂર્વક પસાર થનારનું તબીબી પરીક્ષણમાંથી પસાર થયેલ ઉમેદવારનું લેખિત પરીક્ષામાં તેમણે પ્રાપ્?ત કરેલ ગુણોને આધારે ઓલ ઇન્?ડિયા મેરિટ લિસ્?ટ બનાવવામાં આવે અને તે આધારે નિમણૂક અપાય. શરૂઆતમાં ૨૪ અઠવાડિયાંની બેઝિક ટ્રેનિંગ આઈ.એન.એસ. ચિલ્કા ખાતે આપવામાં આવે છે. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે.

**૨. હું હાલ ધોરણ ૧૦ માં અભ્યાસ કરું છું.તો હવે આગળ મારા માટે કોમર્સ માં જવું હિતાવહ રહેશે કે સાયન્સ માં જવું?માહિતી આપશો.**

**- નિતિન પટેલ, ગાંધીનગર**

આ પ્રશ્ન ફક્ત આપનો નહીં પણ ધોરણ ૧૦ ના અનેક વિદ્યાર્થીઓ અને એમના વાલીઓ ને સ્પર્શ કરનારો છે.સૌપ્રથમ તો આપ એ નક્કી કરો કે ધોરણ ૧૨ પછી આગળ આપ શું કરવા માંગો છો?કયા ક્ષેત્ર માં આગળ વધવા માંગો છો?ત્યાર બાદ એ નક્કી કરો કે એ ધ્યેય સુધી પહોચવા આપને કયો વિકલ્પ વધુ ઉપયોગી બની શકે છે?જો આપણે વિજ્ઞાન અને ગણિત અથવા જીવવિજ્ઞાન પ્રત્યે વધુ લગાવ હોય અને આપ તબીબી અથવા તકનીકી ક્ષેત્રે આગળ વધવા માંગતા હોય તો આપ સાયન્સ પસંદ કરી શકો છો.જો આપણે એકાઉન્ટ અને સ્ટેટિટિક્સ જેવા બીજ ગણિત ના વિષયો માં રસ હોય તો અને ભવિષ્ય માં આપ સી.એ ક્ષેત્ર માં આગળ વધવા માંગતા હોય તો આપ કોમર્સ લઈ શકો છો.અને જો આપણે સાહિત્ય અને કલા વધુ રુચિ હોય તો આપ આર્ટ્સ માં જઈ શકો છો.આપને એ પણ



જણાવી દઈએ કે આપ કોઈ પણ ક્ષેત્ર પસંદ કરો દરેક માં આપણે કારદીર્દી ના વિકલ્પ મળી રહેશે.બસ આપ જે પણ પસંદ કરો એમાં લક્ષ્ય પર ધ. આપીને આપે મેહનત કરવાની રહેશે.એટ્લે આપ ને જે ક્ષેત્ર માં રુચિ હોય એ ક્ષેત્ર માં જઈ શકો છો.અને પછી ભવિષ્ય ના આપના ધ્યેય ને પૂરું કરવા આપે ત્યાર થી જ મેહનત ચાલુ કરી લેવી.એ પણ જણાવી દઈએ કે કોઈ પણ વિકલ્પ સહેલો કે કઠિન નથી હોતો.સાયન્સ કઠિન અને આર્ટ્સ સહેલું એમ કદાપિ હોતું નથી.દરેક વિષય પોતાની રીતે વિશેષ હોય છે.એટ્લે કોઈ પણ વિકલ્પ ની સહેલા અને કઠિન ના ધોરણ ના આધારે પસંદગી ન કરવી. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે.

**૩. હું ફાર્મસી ના છેલ્લા સેમિસ્ટર માં અભ્યાસ કરું છું..જી.પી.એસ.સી.-વર્ગ ૧ અને ૨ની પરીક્ષા પાસ કરવા શું કરવુ જોઈએ?માહિતી આપશો.**

**- અજય સોની, અમદાવાદ**

અજય, સૌપ્રથમ આપને જણાવી દઈએ કે વર્ગ ૧ અને વર્ગ ૨ની પરીક્ષા મુખ્યત્વે ત્રણ તબક્કામાં લેવામાં આવે છે.પ્રથમ તબક્કો – પ્રાથમિક પરીક્ષા એટ્લે કે જેને આપણે પ્રિલિમ્સ પરીક્ષા તરીકે ઓળખીએ છીએ. બીજો તબક્કો – મુખ્ય પરીક્ષા એટ્લે કે મેઈન્સ પરીક્ષા. આ લેખિત પરીક્ષા હોય છે. અને ત્રીજો તબક્કો - ઈન્ટરવ્યુ. આ ત્રણે તબક્કામાં ઉત્તીર્ણ થયા બાદ આપની મેરીટના આધાર પર પસંદગી થતી હોય છે અને આપને જગ્યાની ફાળવણી થતી હોય છે. પ્રથમ તબક્કાની એટ્લે કે પ્રાથમિક પરીક્ષાની વાત કરીએ તો આ પરીક્ષા માં મુખ્યત્વે



સામાન્ય જ્ઞાન , ગણિત , બંધારણ, અર્થશાસ્ત્ર , સાંસ્કુતિક વારસો, વિજ્ઞાન અને ટેક્નોલૉજી ,ઇતિહાસ, કરંટ અફેર્સ અને ભૂગોળ જેવા વિષયોનો સમાવેશ થાય છે. આ પરીક્ષામાં ઉતીર્ણ થયા બાદ આપે મેઈન્સ પરીક્ષા આપવાની હોય છે, જેમાં આપના અભ્યાસક્રમ મૂજબ અલગ-અલગ વિષયોના પેપર લેખિતમાં આપવાના હોય છે. મેઈન્સની પરીક્ષામાં અંગ્રેજી અને સામાન્ય જ્ઞાનના વિષયોનો સમાવેશ પણ થાય છે. મેઈન્સ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા બાદ સફળ ઉમેદવારોને ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવે છે. તૈયારી વિષે વાત કરીએ તો આપે દરેક વિષયોનું ટાઈમટેબલ બનાવી તે પ્રમાણે નિયમિત વાંચન કરવું જોઈએ. એક મહત્વનો વિષય - કરન્ટ અફેર્સ એટલે કે સામાન્યજ્ઞાન – એ માટે આપ નિયમિત ન્યૂઝપેપરનું વાંચન કરી શકો છો. આપ હાલ બી.કોમ.માં અભ્યાસ કરો છો તો એક મહત્વની વાત જણાવવા માંગીએ છીએ કે આપ કોલેજના છેલ્લા વર્ષમાં અથવા સેમિસ્ટરમાં હોવ તો આપ જી.પી.એસ.સી. વર્ગ ૧ અને ૨ની પ્રાથમિક પરીક્ષા આપવા માટે લાયક ગણાઓ છો. મેઈન્સ પરીક્ષા માટે આપે ગ્રેજ્યુએશન પૂરું કરવું જરૂરી છે. વર્ગ ૧ અને ૨ ની પરીક્ષા માટેની તૈયારી આપ અત્યારથીજ શરૂ કરી શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું. ઈમેલ:questions.careercorner@ mail.com વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercroner